ગરમ પાણી ભરેલું તપેલું શરીર પર પડતા બે વર્ષની બાળકીનું મૃત્યુ

માધવગઢ ગામમાં બનેલો બનાવ : ગંભીર હાલતમાં બાળકીને અમદાવાદ ખસેડ્યા બાદ સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નજીકના માધવગઢ ગામમાં ગઈકાલે સાંજના સુમારે ગરમ પાણી ભરેલું તપેલું હાથમાંથી છટકીને બે વર્ષની માસુમ બાળકી પર પડ્યું હતું. ગંભીર રીતે દાઝી ગયેલી બાળકીનું અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રાત્રે સારવાર દરમિયાન પ્રાણ-પંખેરું ઉડી ગયું હતું. ચિલોડા પોલીસે અકસ્માતે મોનો ગુનો નોંધી ઉંડી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે સાંજના સુમારે ગાંધીનગર-હિંમતનગર હાઈવે પર સ્થિત માધવગઢ ગામમાં હચમચાવી મુકે તેવો કરુણ કિસ્સો બનવા પામ્યો હતો. સાંજે માતા પોતાના ઘરે ગરમ પાણી ભરેલું તપેલું ઉંચકીને ખસેડી રહી હતી તે દરમિયાન હાથમાંથી ગરમ પાણીનું તપેલું છટકી જતાં રસોડામાં નીચે રમી રહેલી ૨ વર્ષની બાળકી માયા લાલાજી ઠાકોર પર ગરમ પાણી પડ્યું હતું.

ચિચિયારી શરૂ થઇ ગયા બાદ ગંભીર હાલતમાં દાઝી ગયેલી બાળાને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જોકે તેણી તબીયત ખૂબ જ નાજુક જણાતા તેણીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવી હતી. જ્યાં તેણીનું સારવાર દરમિયાન કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. ચિલોડા પોલીસે આ બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

વસંતના આરંભે જ સાંસ્કૃતિક નગરની આગવી ઓળખ ઉભી કરનાર ગાંધીનગરના સંસ્કૃતિકુંજ ખાતે આજે રાજ્યના સાંસ્કૃતિક વિભાગના મંત્રીશ્રી રમણભાઈ વોરાએ વસંતોત્સવને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, સચિવશ્રી ભાગ્યેશ જહા અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : દિપક જાની)

મીના બજારમાં પીવાનાં પાણી માટે વેપારીઓના પોકાર

જૂના સચિવાલય પાસે માઈક્રો શોપીંગ જાહેર શૌચાલય પણ ઘણાં સમયથી બંધ રહેતા ભારે હાલાકી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં જૂના સચિવાલય પાસે આવેલા મીના બજારમાં પીવાનાં પાણી માટે ત્રણેય સ્ટેન્ડ છેલ્લા ઘણાં સમયથી બંધ છે. જેના કારણે ૪૦૦ જેટલા વેપારીઓ ઉપરાંત રોજનાં સેંકડો મુલાકાતીઓ ભારે હાલાકી અનુભવી રહ્યાં છે.

જૂના સચિવાલય પાસેઆવેલા મીના બજાર ખાતે માઈક્રોશોપીંગમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે ત્રણ પાણી સ્ટેન્ડ બનાવેલા છે. પરંતુ ઘણા સમયથી આ પાણી સ્ટેન્ડ તુટી જવા સાથે બંધ છે. જેના કારણે મીના બજારના ૪૦૦ જેટલા નાના-મોટા વેપારીઓ સહિત કર્માચારીઓ અને સેંકડો મુલાકાતીઓને ભારે મુશ્કેલી પડે છે. જેમાં ખાસ કરીને ચા-નાસ્તા માટે ખૂબ જ તકલીફ પડી રહી છે. આથી શિવ માઈક્રો શોપીંગ વેપારી મંડળ દ્વારા માર્ગ અને મકાન મંત્રી આનંદીબેન પટેલ તેમજ પાટનગર યોજના વર્તુળના અધિક્ષક ઈજનેરને રજૂઆતો કરવામાં આવી છે. જેમાં આ પાણી સ્ટેન્ડ મરામત કરીને ચાલુ કરવા સ્મૃતિપત્રો આપવા છતાં કોઈ જ કામગીરી કરવામાં આવી નથી. પરિણામે વેપારીઓ સરકારમાં દર મહિને રૂપિયા ૬૦૦ ભાડું ભરતા હોવા છતાં પાણી માટે પોકાર પાડી રહ્યાં છે.

આ ઉપરાંત ઘણાં મહિનાઓથી જાહેર શૌચાલય પણ બંધ છે. તે ચાલુ કરવા માટે અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી નહીં કરાતા શરમ-સંકોચ સાથે મુશ્કેલી વેઠવી પડે છે. આ પાણી સ્ટેન્ડ તેમજ શૌચાલય તાત્કાલિક ચાલુ કરી લોકોને પડતી હાલાકી સત્વરે દૂર કરવા માટે એસોસિએશનના પ્રમુખ પ્રવિણ ચાવડા દ્વારા ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

ઈન્ડિકા કાર લઈને ગટરના ઢાંકણા ચોરતા ચાર ઝડપાયા

ચાર ઢાંકણા ચોરીમાં એક વર્ગ-૨ અધિકારીના પૂત્રનો પણ સમાવેશ : ચારેયની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાંથી ગટરની ઢાંકણાઓ ચોરી જવાના સંખ્યાબંધ કિસ્સાઓ બનવા પામ્યા છે. ઢાંકણા ચોરીને ભંગારમાં વેચી મારનાર અગાઉ પણ કેટલીક ટોળકીઓ પકડી ચૂકી છે ત્યારે ગઈકાલે રાત્રે વધુ એક ટોળકી ઢાંકણા ચોરીમાં પકડાઈ ગઈ છે. સેક્ટર-૭ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન શંકાસ્પદ રીતે જતી એક ઈન્ડિકા કારને ચેક કરતાં તેમાંથી ચોરેલું ગટરનું ઢાંકણું મળી આવ્યું હતું. પૂછપરછમાં તેમણે કબુલાત કરતાં ઈન્ડિકા લઈને ઢાંકણા ચોરવા જતાં ચારેયની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં એક ઢાંકણાચોર વર્ગ-૨ અધિકારીનો પૂત્ર ને અન્ય એક સરકારી કર્મચારીનો પુત્ર હોવાનું ખૂલ્યું છે.

સેક્ટર-૭ પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફના પી.એસ.આઈ. ચંપાવત તથા પી.સી. સંદિપસિંહ, રતનસિંહ સહિતનો સ્ટાફ ગઈકાલે રાત્રે પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન એક ઈન્ડિકા કાર શંકાસ્પદ રીતે માર્ગ પરથી પસાર થતાં તેને રોકીને તપાસણી કરવામાં આવી હતી. આ ઈન્ડિકા કારમાંથી એક ગટરનું ઢાંકણું મળી આવતા પોલીસે તેમની પૂછપરછ શરૂ કરી હતી. કડક પૂછપરછમાં બહાર આવ્યું હતું જે ઈન્ડિકા ગાડી લઈને આ ચારેય યુવાન શખ્સે ગટરનું ઢાંકણું ચોરીને આવ્યા હતા. સેક્ટર-૧ના પ્લોટ નં. ૨૦૭ નજીકની ગટરનું ઢાંકણું તેમણે ચોરી કર્યુ હોવાની કબૂલાત કરી છે. ઝડપાઈ ગયેલા ચાર ઢાંકણા ચોરોમાં સેક્ટર-૧૨/બી, પ્લોટ નં. ૪૫૭/૧માં રહેતા હિતેશ પ્રવિણભાઈ પરમાર, સેક્ટર-૧૭, જ-ટાઈપ, બ્લોક નં. ૯૯/૩માં રહેતા અંકીત રાજુભાઈ ચૌધરી, સેક્ટર-૧૨/સી, પ્લોટ નં. ૩૭૯માં રહેતા મેહુલ ભૂપતભાઈ પરમાર અને સેક્ટર-૧૨/સી, પ્લોટ નં. ૩૭૨/૨માં રહેતા દિગ્વિજય ચંદ્રસિંહ વિહોલ મળીને ચાર શખ્સોનો સમાવેશ થાય છે. જેમાં મેહુલ પરમારના પિતા સચિવાલયમાં કલાસ-૨ ઓફિસર છે અને અંકીત ચૌધરીના પિતા સ્ટેમ્પ અને નોંધી ભવન, સચિવાલયમાં ખ્યુન તરીકે સેવા આપતા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ચારેયની ધરપકડ કરીને ઈન્કવાયરીનો સંપર્ક સાંધ્યો છે કે ગટરના ઢાંકણા ચોરીની સેક્ટરદીઠ કેટલી ફરીયાદો તેમને મળી છે તેનું લિસ્ટ મંગાવાયું છે. ઉપરોક્ત ઢાંકણા ચોરીમાં પણ આ ઈન્ડિકા લઈને ચોરી કરવા ગયેલી ગેંગનો હાથ છે કે કેમ તેની પણ પૂછપરછ હાથ ધરવામાં આવશે. અન્ય કેટલાક ઢાંકણા ચોરીના ગુનાઓ ઉકેલાય તેની પણ શક્યતા તપાસનીસ અધિકારીએ જણાવ્યું છે.

આજે બેરફૂટ ફોટો વોકર્સ દ્વારા ફોટોગ્રાફી પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૧

બેરફૂટ ફોટો વોર્કસ દ્વારા થયેલ ફોટોગ્રાફીનું પ્રદર્શન આજથી દસ દિવસ માટે સીટીપલ્સની આર્ટ ગેલેરીમાં શરૂ થશે. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન હિરેન ભટ્ટ તથા સિટી પલ્સ ફિલ્મ સ્કૂલના ડાયરેકટર અનવર જમાલ દ્વારા કરવામાં આવશે.

આજે રામકથામાં રામ રાજ્યાભિષેક પ્રસંગ યોજાશે

રામકથાના છેલ્લા દિવસે આજે ભવ્ય રામરાજ્ય અભિષેકની કથાનું શ્રવણગાન સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાશે.

સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે ગતરોજ રામકથામાં ભવ્ય સીતા-રામ વિવાહનો સુંદર પ્રસંગ યોજાયો હતો. ગોપી મહિલા મંડળ દ્વારા આંખો ચોંકાવનારુ મામેરુ લાવવામાં આવ્યું હતું. તથા સીતા અને રામના વિધિસર લગ્ન પ્રસંગ યોજવામાં આવ્યો હતો. સાથે બહેનો દ્વારા આવનાર દરેક ભક્તોને ૩૦ કિલો ચોખ્ખા ઘીના લાડવા પ્રસાદરૂપે અપાયા હતા.

આજે સુર્વણ પ્રાશનનું આયોજન

ગાંધીનગરના જાણીતા ડૉ. શિલ્પા કે. પટેલ દ્વારા જન્મથી બાર વર્ષ સુધીના બાળકો માટે રોગ પ્રતિકારક શક્તિ અને બુદ્ધિવર્ધક માટે પુષ્યનક્ષત્રમાં આજે તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૩ને શુક્રવારના રોજ સવારે ૯.૦૦થી સાંજના ૫.૦૦કલાક દરમ્યાન પ્લોટ નં. ૧૨૧૯/૨, સેકટર-૭/ડી, ચૌધરી સ્કુલ સામે સુર્વણ પ્રાશનનું આયોજન કરવામાં આવ્યું છે.

ઉત્તર પ્રદેશના ઓપિનિયન લીડર્સના ગ્રુપની રાજ્યપાલશ્રી સાથે શુભેચ્છા મુલાકાત

કૃષિ અને પંચાયત રાજ સાથે સંકળાયેલા ઉત્તર પ્રદેશના ઓપિનિયન લીડર્સના ગ્રુપે આજે રાજભવનમાં ગુજરાતના રાજ્યપાલશ્રી ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય હસ્તકના ક્ષેત્રિય પ્રચાર નિર્દેશાલયના ઉપક્રમે આયોજિત કરાયેલ રાજ્યના પ્રવાસે આવેલ આ ગ્રુપ સાથે રાજ્યપાલશ્રીએ વાર્તાલાપ કર્યો હતો. આ ગ્રુપ તેના રાજ્યના પ્રવાસ દરમ્યાન વિવિધ જિલ્લાઓની મુલાકાત લેનાર છે.

આજે પેથાપુરમાં ઉર્સ મુબારક

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના મુસ્લીમ અગ્રણી હનીફમીયા રાઠોડે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, પેથાપુરમાં હઝરત પિરાનમીર દસ્તગીર બડેપીરના ચિલ્લા શરીફનો ઉર્સ મુબારક આજે તા. ૨૨મી ફેબ્રુઆરી-૨૦૧૩ને શુક્રવારે શાનો શોકતથી મનાવવામાં આવશે.આ પ્રસંગે જુમ્માની નમાઝ બાદ ગાદી નિશાન સાથે દરગાહ ઉપર પહોંચશે તેમ જણાવાયું છે.

આજે ટાઉનહોલમાં ઉત્તમકક્ષાના ૩ નાટકો ભજવાશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સરકારના પ્રતિષ્ઠિત ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત લોકપ્રિય દિગ્દર્શક હરિન ઠાકર સર્જિત ઉત્તમકક્ષાના ૩ નાટકોની પ્રસ્તુતિ આજે તા. ૨૨મી ફેબ્રુઆરી-૨૦૧૩ને શુક્રવારે રાત્રે ૯.૩૧ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે થશે.

દિગ્દર્શક હરિન ઠાકર સર્જિત નાટક 'રાધા કા ભી શ્યામ, મીરાં કા ભી શ્યામ' લેખક હિતેન આનંદપરા તથા 'શુટીંગ શુટીંગ' લેખક હરિન ઠાકર અને 'અમને અજવાળા બોલાવે' લેખક હરિન ઠાકરના આ ઉત્તમ કક્ષાના ૩ નાટકો આજે ટાઉનહોલમાં કલા ગુર્જરી ગાંધીનગર દ્વારા પ્રસ્તુત થશે. જેનો કલા રસિકજનો લાભ લઈ શકશે.

વિધાનસભામાં વિશેષ સુરક્ષા ગોઠવી સંકુલના ચારેય ખૂણે વૉચ ટાવર ઉભા કરાયા

ત્રણ પ્રવેશ દ્વાર પર માટીની બોરીની આડશ સાથે અર્ધ લશ્કરી દળના હથિયારી જવાનો તૈનાત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે. પ્રજાના ૧૮૨ ધારાસભ્યો વિધાનસભામાં હાજરી આપી રહ્યાં છે. ત્યારે ગૃહ વિભાગે સચિવાલયને લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અને સંકુલના ચારેય ખૂણે વૉચ ટાવર ઉભા કરી દેવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું હોવાથી વિધાનસભાની ફરતે વિશેષ સુરક્ષા પૂરી પાડવામાં આવી છે. જેમાં સંકુલની ચારેબાજુએ વૉચ ટાવર ઉભા કરવામાં આવ્યા છે. વિધાનસભાના ત્રણ પ્રવેશ દ્વાર પર માટીની બોરીનો ખડકલો કરી આડશ ઊભી કરવામાં આવી છે. ત્યાં અર્ધ લશ્કરીદળના જવાનો હથિયાર સાથે તૈનાત કરાયા છે. બજેટ સત્ર ચાલુ હોવાથી ગાંધીનગર, મહેસાણા અને બનાસકાંઠા પોલીસના ૩૦૦થી વધુ કર્મચારીઓ સાથે એસ.આર.પી.ની ત્રણ કંપનીના જવાનોને બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યા છે. ત્યારે વૉચ ટાવર પર દુરબીન સાથે ૨૪ કલાક માટે હથિયાર ધારી જવાનોને ગોઠવી દેવામાં આવ્યા છે. તેમજ ગાંધીનગરના મુખ્ય પ્રવેશ દ્વારો પર પોલીસ દ્વારા વાહન ચેકીંગ પણ કરવામાં આવી રહ્યાં છે. ગાંધીનગરના વિધાનસભામાં વિશેષ સુરક્ષા ગોઠવી હોવાથી આમ નાગરિકને પ્રવેશવા માટે માત્ર ૧ અને ૭ નંબરનો ગેટ નિયત કરવામાં આવ્યા છે.

વિશ્વકર્મા જયંતિ અને નવમો પાટોત્સવ ૨૩મીએ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨૧

વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર દ્વારા તા. ૨૩મી ફેબ્રુઆરી - ૨૦૧૩ને શનિવારે વિશ્વકર્મા મંદિર, સેક્ટર-૧૨ ખાતે શ્રી વિશ્વકર્મા જયંતિ અને નવમો પાટોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે.

શ્રી વિશ્વકર્મા જયંતિ અને નવમા પાટોત્સવની ઉજવણી અંતર્ગત યજ્ઞ, આહુતિ, બેન્ડવાજાની સુરાવલીઓ સાથે ૫૦૦ દિવાઓની સમૂહ આરતી, ગરબા તથા આતશબાજીથી ભવ્ય રીતે ઉજવવામાં આવશે. જેમાં ૨૭ યજમાન દંપત્તિ પૂજા, અર્ચના, યજ્ઞ માટે પાટલા પર બિરાજશે. પાટોત્સવના મુખ્ય યજમાન જીતુભાઈ ગજ્જર બિરાજશે અને ધજા આરોહણના યજમાન ભરતભાઈ મિસ્ત્રી ધજા આરોહણ કરશે. સમાજના સર્વે જ્ઞાતિજનોને આ અમૂલ્ય અવસરનો લાભ લેવા પ્રમુખ પી.એ. ગજ્જરે જણાવ્યું છે.

૮ મહિના બાદ પત્નિ ગુમ થયા અંગે પતિ જાણવા જોગ નોંધાવી

ગાંધીનગર, તા. ૨૧

સુરતમાં એકાદ વર્ષ અગાઉ દિપકભાઈ જગતસિંહ દરજી (ગુરખા) એ લક્ષ્મીબેન સાથે લગ્ન કર્યાં હતાં. ત્યારબાદ ગાંધીનગર ખાતે અક્ષરધામ પાસે સેક્ટર-૨૦ના કાચા છાપરામાં રહેવા આવી ગયા હતા. થોડા સમય બાદ દિપકભાઈ સુરત ખાતે નોકરી કરવા ચાલ્યા ગયા હતા. દરમિયાન પત્નિ ૧૯ વર્ષીય લક્ષ્મીબેન ૭મી જુન ૨૦૧૨ના રોજ ઘરેથી તેમની સાસુને 'હું આવું છું કહીને' ચાલી ગઈ હતી. તેણીનો આજદિન સુધી પત્તો મળ્યો નથી કે ઘરે પરત પણ ફરી નથી. આજે આઠ મહિના બાદ તેણીના પતિએ સેક્ટર-૨૧ પોલીસ મથકનો સંપર્ક કરીને પત્નિ ગુમ થયા અંગે જાણવા જોગ અરજી આપી છે.

શ્રી છોત્તેર ગોળ દરજી જ્ઞાતિ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

શ્રી છોત્તેર ગોળ દરજી જ્ઞાતિ સમાજનો ૨૬મો સમૂહ લગ્નોત્સવ તથા દ્વિતીય જીવન સાથી શોધ સંમેલન તા. ૨૪મી ફેબ્રુઆરી-૨૦૧૩ને રવિવારે વાસણીયા મહાદેવ, તા. જિ. ગાંધીનગર ખાતે યોજાશે.

સમાજના સમૂહ લગ્નોત્સવમાં ૬ નવદંપતીઓ પ્રભુતામાં પગલા પાડશે. આ પ્રસંગમાં ભાગ લેવા ઉત્સુક વરકન્યા અને તેમના વડીલો કનુભાઈ દરજી, મનહરભાઈ દરજી, દીપકભાઈ દરજી, રતીલાલ દરજી, નારણભાઈ દરજી, જગદીશભાઈ દરજીનો સંપર્ક કરી નામ નોંધાવી દેવા, નવ દંપતીને આશીર્વાદ આપવા તમામ દરજી જ્ઞાતિ બંધુઓને હાજર રહેવા સમાજના પ્રમુખ મનુભાઈ પરમાર, મંત્રી દિલીપભાઈ દરજી તથા નટુભાઈ દરજીએ અનુરોધ કર્યો છે.

વારાહી બી.એડ. કોલેજમાં વિશ્વ માતૃભાષા દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૧

૨૧મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિન તરીકે ઉજવાય છે. આ દિનની ઉજવણીના ભાગરૂપે વારાહી બી.એડ. કોલેજ ચાંદખેડા ખાતે વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વિશ્વ માતૃભાષા દિનની ઉજવણીના ભાગરૂપે કોલેજમાં મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરાના ગુજરાતીના અધ્યાપક મહેશ જાદવ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક વક્તવ્ય આપી ગુજરાતી ભાષાની વર્તમાન સ્થિતિ વિશે સુંદર રજૂઆત કરી હતી. સિદ્ધહેમથી શરૂ કરીને નરસિંહ મહેતા, મીરા, દયાનંદ, શામળ, પ્રેમાનંદ અને નર્મદથી શરૂ કરી અર્વાચીન સાહિત્યકારોએ ભાષાને ગૌરાંન્વિત કરવા કરેલા પ્રયત્નો અને ગુજરાતી સાહિત્યની ચર્ચા કરી હતી. કોલેજની વિદ્યાર્થિની મનીષા દેસાઈએ ગુજરાતી ભાષાના મહત્વ વિશે તેના વિચારો રજૂ કર્યા હતા. કોલેજના આચાર્ય અનિલભાઈ પટેલે વિશ્વમાં ગુજરાતી તરીકેની તમારી ઓળખ એ તમારી ભાષા છે એટલે ગુજરાતી હોવાનો અને ગુજરાતી બોલવાનો ગર્વ હોવો જોઈએ તેમ જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.એડ.ની તાલીમાર્થીની બિનલ પરમારે કર્યુ હતું. તથા મહેમાનોનું સ્વાગત વિદ્યાર્થી પ્રતિનિધિ હરેશ પરમારે અને આભારવિધિ વનિતા પંચાલે કરી હતી.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨

સૂર્યાસ્ત : ૬.૨૬

તાપમાન

મહત્તમ : ૩૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૧૫.૪ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૩૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૯.૦૦, ૧.૪૫, ૬.૪૫, ૮.૪૫, ૧૦.૪૫

એબીસીડી: એની બૉડી કૅન ડાન્સ (ડી) : ૧૧.૦૦, ૩.૪૫

: સ્ક્રીન-૨ :

કાઈ પો છે : ૯.૪૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

સ્પેશયલ-૨૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૦૦, ૧૦.૧૫

કાઈ પો છે : ૬.૪૫

સૂર્યા, વાવોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

હા હું દિકરીનો બાપ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦

જયંતાભાઈકી લવ સ્ટોરી : ૧૨.૪૫, ૫.૧૫

ચિરાગ, કલોલ

જિલ્લા ગાજીયાબાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

● કલાગુર્જરી દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે.

આપની આજ

મેષ : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણએ લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

વૃષભ : સંગીત ક્ષેત્રમાં રૂચિ વધશે. વેપાર સારો ચાલશે. દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થઈ શકે છે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

મિથુન : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

કર્ક : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મેળવવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

સિંહ : પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ રહેશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

તુલા : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થશે. યાત્રાનો વિશેષ યોગ. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

ધન : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

મકર : મનોકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : અનુકૂળ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિતતા આવશ્યક છે. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

મીન : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબનું વાતારવણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે. વધુ ખર્ચ ન થાય તેની કાળજી રાખવી.

ચિરવિદાય

- સ્વ. દિપ્તીબેન રમણલાલ શાહ (ઉ.વ. ૪૦) પ્લોટ નં. ૬૯૨/૧, સેકટર- ૭/બી, ગાંધીનગર.
- સ્વ. ડૉ. હરીભાઈ માવજીભાઈ પલારા (ઉ.વ. ૬૭)બી-૭, ગ્રીનસીટી, મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. પાચુબેન કાનાજી પાટી (ઉ.વ. ૫૫) પ્લોટ નં. બી-૩, સેકટર-૨૪, ગાંધીનગર.